# દાદો ગવળી

--સ્વામી આનંદ

દુધના વેપારમાં મુંબઈમાં નામાંકીત થયું(અને મારા સાંભળવા મુજબ દેશના ભાગલા પછી પાકીસ્તાન જઈ વસ્યું) તે કીલ્લેદાર કુટુંબનો જ ઘણું કરીને એ વડવો-આજો, પણજો કે બપાવો હતો. મારા બચપણને કાળે એટલે કે ૧૯મી સદીના નવમા દસમા દાયકામાં મુંબઈના ગીરગામ બેકરોડ પાછળ સીંધી ગલીમાં જાફરાબાદી ભેંશોના બે તબેલા રાખી દુધ વેચતો. એનું દુધ આખા મુંબઈમાં પ્રખ્યાત હતું.

તે કાળે મુંબઈમાં દુધ ૫૬ તોલાનો શેર ત્રણ પૈસે વેચાતું. એ એક આનો લેતો.

આ તબેલાંનાં અને તેના માલીક દાદા ગવળીનાં બહુ તાદૃશ સ્મરણો મારી સંભારણમાં ચોંટી રહ્યાં છે. હું ૮-૧૦ ઉંમરનો થયો ત્યાં સુધી અમે છોકરાં હમેશાં અહીં દુધ લેવા જતાં.

૨

દાદો ગવળી કોકણી નવાયત, કાં કાઠીયાવાડી મેમણ, ખાંટ કે આયર હતો. ઘાંચીના પાડા જેવું સ્થુલ શરીર. ચોવીસે કલાક ઉઘાડે ડીલે તબેલામાં જ હોય. વર્ણે શામળો. ચામડી તેલ દીધેલ સીસમની જેમ ચમકે. પહોળી પાટડા જેવી છાતી, મોટી આંખો, ટુંકી દાઢી ને ખાસી ફાંદ. બે હારમાં બાંધેલી બેઉ તબેલાની સાઠ ભેંશો આખો વખત એકધારી નજરે ભળાય એવી રીતે એક તબેલાને છેડે માથોડું ઉંચા ને લાંબા પહોળા લાકડાના થડા ઉપર ખાટલો નાંખીને વસે. એ જ એનું ઘર ને બાર. ત્યાં જ સુએ, બેસે, ખાયપીએ. ચોવીસે કલાકની જીંદગી એ જ થડા પર.

ત્યાં જ બેઉ વેળ દુધ વેચે. ભલા ભુપને સારુ, કે મોટા કમીશનર-ગવન્ડરનો ચપરાસી દુધ લેવા આવે તોય, એને ત્યાં વેરોવંચો ન મળે. એના વેપારની રીતરસમ એટલે બ્રહ્માના લેખ. મરદ બૈરાં બાળક, ભોટ કે ચતુર, કોઈ પણ આવ્યું તેણે લાઈનમાં ઉભાં રહેવાનું.

ભૈયા નોકરો ટંચન જેવા તબેલામાં ભેંશોને ધોઈ નવાડી મોઢું દેખાય એવી સ્વચ્છ ચળકતી પીત્તળની તાંબડીઓમાં દુધ દોહીદોહીને દાદાના મોં આગળ થડા પર ગોઠવેલા પહોળા મોંના હાંડામાં ખાલવતા જાય; ને દાદો ઘસી માંજીને ઝગારા મારતાં કરેલ શેર અચ્છેર પાશેરીયાં માપ ચોખ્ખી થાળીમાં મુક્યાં હોય, તેનાથી ભરીભરીને ઘરાકના વાસણમાં ઠાલવતો જાય. લેનારે એક હાથે રોકડા પૈસા દાદાના હાથમાં મુકવાના, ને બીજે હાથે પોતાનું વાસણ ઉંચું ધરવાનું.

દાદો પૈસા ગણી લઈને બાજુમાં ઢગલો કરતો જાય ને માપ ભરીભરીને દુધ ઘરાકને આપતો જાય. લઈને ઘરાકે આગળ જવાનું, ને હારમાં ઉભેલા તેના પછીનાએ પૈસા અને વાસણ દાદાને ધરવાનાં.

૩

દાદો દુધ ભરતો જાય, ઘરાકના વાસણમાં ઠાલવતો જાય ને મોટેથી બુમ પાડીને બોલતો જાય :

“કઈ માવડીનું દુધ આવ્યું ? આ તો મારી રઢીયાળીનું ; આ તો મારી લાખેણીનું ; આ આવ્યું મારી ભાગવંતીનું ; આ સતવંતીનું, ચંદરણીનું. રુપેણીનું !”

વળી ઘરાકોની કતારને સંબોધે, ને કહેતો જાય :

“ખાઓ મારા બાપલા ! ખાવ મારી માવડીઓનાં દુધ, ને થાવ તાજા. મારી ભાગવંતીયુંનાં દુધ એટલે શું સમઝો છ ? બસ, ઘર ને બહાર બધે તમારે બરકત જ બરકત. આજે રોકડા ને કાલે ઉધાર. ખાવ ને ખુસ થાવ બાપ્પા મારા. ખમ્મા તમને, ને ખમ્મા મારી ભાગવંતીયુંને ! ખાવ મારી લાખેણી, રસવંતી, ધનવંતીયુંનાં દુધ, ને થાવ જોરાવર છાતીયુંવાળા. ખેડો દેશાવરના દરીયા, ને લાંગરો લખમીનાં લદોલદ ઝાઝ લાવીલાવીને મુંબઈના બારામાં ! ધંન મારી ભાગવંતીયુંને; ધંન મારી માવડીયુંને.”

વળી વચમાં જ કોઈ ભૈયા બરદાસીને કે’શે :

“અલા જો છ કે ? ઓલી સતવંતીયેં પોદળો કર્યો. કાઢ ઝટ. પળવારની ઢીલનાયે પરાછત લાગે. ઈ તો માવડીયું કે’વાય, એકોએક. ભાગવંતી. ભાયગ લઈને તારે ઘરે આવીયું છે, તારાં ભાયગ ઉઘાડવા. ઈનાં દુધ ખાશે ઈ ભાગવંતા થાશે; ને ઈનાં ભાયગના આગળા ઉઘડી જાશે ! કાઢ, કાઢ ઝટ પોદળો. તબેલા ને ગમાણ્યું, બધાં કેવાં આભલા જેવાં રે’વાં જોવે, રાત ને દી. હા, ઈમાં ફેર નૉ પડવો જોવે. નીકર મારે તારું કામ નઈ. તુંને માવડીઓની ટેલચાકરી કરવા રાખ્યો છે. ઉભો થઈ રે’વા ને ટગરટગર જોવા સારુ નઈ. સમઝ્યો અલા ! ઝટ કર, ચોંપ કર. માર ઝપાટો. આ ઘરાકુંની લંગાર ઉભી થઈ રહી છે. જોતો નથી ?

“આ કઈ માવડીનું દુધ આવ્યું ?”

૪

આમ અવ્યાહત ચાલે. કલાક વારમાં એકકોર હાંડા ખાલી, ને બીજીકોર ખુરદાનો ઢગલો ! ડોસો ઉશેટીને સુતરની ગુંથેલ કોથળીમાં ભરે ને બપોરે વેપારીનો માણસ આવે તેને ગણી દઈને રુપીયા કરે. દુધે હાડા હાંફે, ને પૈસે કોથળીયું હાંફે.

ખરચ પણ તેવો જ કરે. દસ દસ ભેંશ પાછળ અકેક બરદાસી. માંદેસાજે જગા પુરનારા, બજારનાં ઘાસ-દાણો સારનારા જુદા. ખાણ દાણો ચુણી સરકી(કપાસીયા) બધું પોતાની નજર હેઠળ સાફ કરાવે, પલાળાવે, બફાવે, માપીને આંખ સામે એક એક ‘માવડી’ને ખવડાવે. ખાણ ખાતી એક એક ભેંશની પીઠે હાથ ફેરવતો જાય, માથે શીંગડે કે કાનસુરીઓમાં ખજવાળતો જાય, ને હેતના બોલ ઠાલવતો જાય.

ભેંશોય એકેએક બોલ સમજે, ને એ પાસે આવે તેવી જ હીંસો નાંખે; જાણે હમણાં તોડાવશે ! ધોવા-નવડાવવાના, પગ છુટો કરવા ફેરવી લાવવાના કલાકો નીમેલા. લીલાંસુકાં ઘાસ ખવડાવવાનાં વજન દરેકનાં નક્કી. નક્કી કરેલા કલાકોએ આરસી જેવી સ્વચ્છ ગમાણોમાં દરેકને નીરવાનાં.

ચોવીસે કલાક ‘માવડીયું’ની માવજત, એ જ એની જીંદગી ! ન જુદું હરવા-ફરવાનું, ન બજારબંદર ક્યાંયે જવાનું. એનો તમામ વહેવાર-વેપાર એના થડા ઉપર, ને એના તબેલામાં. ત્યાં જ બધા આવે.

કુટુંબજીવન એને નહોતું. આની ‘માવડીયું’ ને તબેલાબરદાસી જ બધું. પોતરાં-દોતરાં તો કળશી એક. પણ સૌ સૌને મારગે. એને કશી વળગણ આગોપીછો ન મળે.

૫

ડોસો દયાળુ. મુઈ માનાં ધાવણાં બાળકોને વરસનાં થાય ત્યાં સુધી દુધની લોટીઓ મફત ભરી આપે. સાપ વીંછુનેય ન મારે. બાળકોને ‘બાપલા’ અને બૈરાં નાનાંમોટાં તમામને ‘માડી, મારી મા’ કહીને જ બોલાવે. શાખ તો એવી કે તે કાળના મુંબઈ શહેર આખામાં કોઈ પણ એનું નામ પડતાંવેંત ‘શી વાત !’ કહી માથું નમાવે.

નીમાજ એ ન પઢતો. એનાં વજુનમાજ, તસબીબંદગી તમામ એની માવડીયું ને એનું ઈમાન હતાં. કહેતો :


“હે અલ્લા ! હે પરવરદીગાર ! મારા ઈમાનમાં ફેર પડે તે દી’ મારું મૉત થાજો; મારું જડાબીંટ જાજો; ને મારે દીકરીયેંય દીવો નૉ રેજો.’

મોંઘારત આવતી ગઈ તેમ તેમ દુધના ભાવ વધારતો ગયો. પણ એની ‘માવડીયું’ની માવજત, ખાણદાણો, ઘાસપાન, કશામાં કે એના દુધમાં ફેર ન પડ્યો. જીવ્યો ત્યાં સુધી એનું ઈમાન જેવું ને તેવું કાયમ રહ્યું.

મુંબઈમાં દુધના વેપારમાં આ એક જ માણસને મારી જીંદગીમાં મેં રળેલો જોયો. એની પાછળ એના વંશજોએ એ બે ભાગ્યવંતા તબેલા અને ડોસાની રીતરસમ ઠીકઠીક વરસો નભાવેલાં. ને ત્યાં સુધીજ એ કુટુંબમાં બરકત રહી. પછી તો ભાગ્યની ઘટમાળનો ચક્રનેમીક્રમ સૌની જેમ એ લોકને પણ લાગુ પડ્યો હોય તો નવાઈ નહીં. (૧૯૫૭- 'ધરતીનું લુણ')

--સ્વામી આનંદ

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 117 -- September 2, 2007
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com



જન્મ : ૧૮૮૭-શીયાણી-લીંબડી : : અવસાન : ૨૫ જાન્યુઆરી ૧૯૭૬-મુંબઈ

## સ્વામી દાદાનો પરીચય સ્વહસ્તે

### 'મારી કેફીયત'

ઉંમર આખી મેં કંઈ ને કંઈ આછુંપાતળું લખ્યું. પણ કશું ગ્રંથસ્થ કરવા ન દીધું. મારો વેપલો વગર મુડીનો. મુળે હું અભણ. બચપણથી જ ઘેરથી ભાગી સારાનરસા સાધુબાવાઓની દુનીયામાં ખોવાઈ ગયેલો. એ જમાતની સ્લોગન 'પોથી પઢપઢ પંડત મુએ' વાળી.

એણે મારું નુકસાન કર્યું, તેમ બે નરવા સંસ્કાર પણ આપ્યા. એક એ, કે વીદ્યા વેચાય નહીં; હવાઉજાસ અન્નજળની જેમ જ જ્ઞાન-સમજણ રુપીયા-આનામાં કદી મુલવાય નહીં. એમ કરવું એને સ્વ. સ્વામી તપોવનજી 'a little vulgar' (એ લીટલ વલ્ગર) કહેતા.

બીજો સંસ્કાર મળ્યો તે એ, કે સાધુ 'દો રોટી, એક લંગોટી'નો હકદાર. એથી વધુ જેટલું એ સમાજ પાસેથી લે, તેટલું અણહકનું, હકબહારનું. લીધેલાની દસ ગણી ફેડ એ ગૃહસ્થનો ગજ. સાધુનો સહસ્રનો. સાધુ લે તેનાથી સહસ્રગણી સેવા કરે ત્યાં સુધી તો એણે નકરી અદાયગી કરી; દુનીયાની ઘરેડે જ ચાલ્યો. અદકું કશું ન કર્યું. એથી વધુ કરે તેની વશેકાઈ.

આ બે સંસ્કારોને હું, અથવા બાબાકંબલ ન્યાયે કહો કે એ સંસ્કાર મને, જીંદગીભર ચીટકી રહ્યા. સમજણ વધતી ગઈ તેમતેમ, એમાં વજુદ પણ મેં જોયું. 'પ્રેમ કે બસ અરજુન રથ હાક્યો'વાળી ઘટના, કે અજંતા દેલવાડાનાં શીલ્પ જે પ્રેમભક્તીની પેદાશ હશે તેની પાછળના પરીશ્રમનાં મુલ મજુરીને દરે કેમ કરીને મુલવાય?

એવી કશી ભક્તી કે શબ્દશીલ્પ તો મારી કને હોય જ ક્યાંથી? છતાં સાધના રુપે જીંદગીમાં કરેલા પરીશ્રમોને રુપીયે-આને વટાવવાનો ખ્યાલ મને કદી સ્પર્શ્યો નહીં.

જુની દુનીયા વ્યાજ લેવું હરામ ગણતી. વહેવાર તકરાર પ્રસંગે ડાહ્યું માણસ કે વકીલ કોઈને સલાહ સમજણ આપે, કે વૈદ્ય દાક્તર માંદાનો ઈલાજ કરે, તે બદલ ફી લેવી એ તેવું જ હીણું લેખાતું.

કેથોલીક સાધ્વીઓ હરકોઈ દેશવેશ રંગ કે કૉમના રોગીની પરીચર્યામાં મોક્ષ જુએ છે. એ બધાં મુલ્યોને આજની દુનીયા બેધડક અવગણે છે તેથી કંઈ એ નીંદા નથી ઠરતાં.

આમ મારા જુનવાણી સંસ્કારની યથાર્થતા વીશે મને કદી શંકા ઉઠી નહીં. અને હું મારી 'દો રોટી, એક લંગોટી'વાળી સનદને જ વળગીને જીંદગીભર જીવ્યો.

આવી મારી દકીયાનુસી મનોભુમીકા આજના આધુનીકોની નજરમાં નરી madness (મૅડનેસ) જ લેખાય એ હું જાણું છું. મારે એનો બચાવ નથી કરવો. મારી દલીલ એટલી જ છે કે એ madness (મૅડનેસ) પાછળ કશીક method (મેથડ) રહી છે.

સમજાવું.

પહેલું એ કે કશા ઉપકારક કાર્યનો રેકર્ડ કર્યા વગર નકરું જીભ-કલમનું ડહાપણ ડોળીને માણસ સંસારનો કશો ધરખમ ઉપકાર કરી ન શકે, અને નકરા લેખન કે વક્તૃત્વની સેવાક્ષેત્રમાં કશી કીમત નથી, એવી મનની ગાંઠ.

બીજું, મારાં લખાણોમાં કશું હીરનુર હોય, અને તે ગ્રંથસ્થ કરવાનું વાજબી હોય, તો પણ તે દળદરી નઘરોળ દેદારવાળાં અને છાપભુલોવાળાં નીકળે તે મારાથી ખમાય નહીં. ગાંધીજીએ નબળા અનુવાદ અને છાપભુલોવાળી છપાઈને તૈયાર થઈ ચુકેલી ચોપડી સ્વ. નરહરીભાઈ પાસે બાળી મુકાવેલી ! હું એમ કરવા કહું તો સીધો પાગલખાને પહોંચું. એટલે अनारंभो ही कार्याणम् વાળે ન્યાયે એ બળતરાનો સોદો જ ન કરવો એવો ફેંસલો મેં કર્યો; અને આટલી જીંદગી નભાવ્યો. .....

આમ મારાં લખાણોને પ્રચારવા કે ગ્રંથસ્થ કરવાનો મને આગ્રહ કરનારા સન્મીત્રોને વરસોથી હું એક જ જવાબ દેતો રહ્યો કે, "થોડા ખમી જાઓ. મારા મરણ બાદ કરવું હોય તે કરજો." મને એમ કે મરણના ઝાટક પર પહોંચીને નવી બળતરા ક્યાં વહોરું?

વરસો વાટ જોઈ. અસંખ્ય સ્વજનો, મીત્રો, જીવલગ સાથીઓને વીદાય કર્યા. જીંદગી વસમી થઈ ગઈ. દુનીયાના ઑદ્ધાર કરવાના લહાવાઑરીયા બધા વીત્યા. બીસ્તર બાંધી, ટીકીટ કપાવી વરસોથી પ્લાટફારમ પર બેસી રહ્યો છું. પણ મારી ગાડી જ કમબખત આવતી નથી. મીત્રો અકળાય છે. એમને હદથી જાદે વાટ જોવડાવ્યામો અફસોસ મને પીડે છે.....(સંકલીત) --સ્વામી આનંદ
તા. ૩૦- જાન્યુઆરી ૧૯૬૭ **'અનંતકળા'**માંથી..

સ્વામીનો વીશેષ પરીચય પામવા **ભાઈ સુરેશ જાની**ની ગુજરાતી સારસ્વત પરીચયની વેબસાઈટઃ http://sureshbjani.wordpress.com/2006/06/15/swami_anand/ ની મુલાકાત લેવા વીનંતી.

### 'મારું ચાલે તો...'

ટુંકમાં, મારું ચાલે તો ગુજરાતી જોડણીમાંથી હું બધા વીકલ્પો કાઢી નાખું, જોડણી બનતા લગી ઉચ્ચાર પ્રમાણે રાખું, ભાષાસમૃદ્ધીના બારે દરવાજા મોકળા રાખું અને જોડણી-વ્યાકરણના વખતોવખતના નવસંસ્કરણને સારુ પુરો અવકાશ રાખું. વળી મારું ચાલે તો સુરદાસ-તુલસીદાસે કર્યું તેમ સંસ્કૃત તત્સમનો ચીલો છોડી ૯૦ ટકા જોડાક્ષરોને કાઢી નાખી લખવા, વાંચવા, છાપવા ઉચ્ચારવાનું બુધઅબુધ સૌને માટે સાવ સહેલું કરી મુકું. હ્રસ્વદીર્ઘ, માત્રા-અનુસ્વારના બાલની ખાલ ઉતારવાના ગોરખધંધા મેલી નરવા પ્રેમ, ભેરુભાવ તથા કદરદાનીના ઍપ્રોચપુર્વક ભાષાને ખેડવાનું મહત્ત્વ આપણે સમજીશું તે દીવસે 'શું સાં પેસા ચાર'વાળી ભાષાનો કાયાકલ્પ થશે. --સ્વામી આનંદ
(**'ચરીત્રનો દેશ'**માંથી)

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **4,30,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી. આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6200** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ

http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site** : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **117** -- **September 2, 2007**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર : **uttamgajjar@hotmail.com**

◆◆◆ ◆◆◆ ◆◆◆